દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

શુક્રવાર ૧ ઓગસ્ટ, ૨૦૨૫

# વિદ્યાર્થીઓના આપઘાત રોકવા સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા: સમયસરનું પગલું

હાલમાં સુપ્રીમ કોર્ટે ભારતભરની શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની આત્મહત્યાની વધતી સંખ્યા ઘટાડવા માટે 15 માર્ગદર્શિકાઓનો સમૂહ જારી કર્યો છે. સર્વોચ્ચ અદાલતે વિદ્યાર્થીઓની આત્મહત્યાઓના બનાવો અંગે આઘાતની લાગણી વ્યક્ત કરી છે. નીટના એક ૧૭ વર્ષીય પરીક્ષાર્થીના શંકાસ્પદ આત્મહત્યાના કેસને હાથ ધરતી વખતે સુપ્રીમ કોર્ટે આ ગાઇડ લાઇન જારી કરી છે. સુપ્રીમ કોર્ટનું આ પગલું બિલકુલ સમયસરનું છે. છેલ્લા કેટલાક સમયમાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓના આપઘાતના બનાવો ચિંતાજનક હદે વધ્યા છે અને તે સમગ્ર સમાજ માટે ચિંતાની બાબત છે. શાળા-કોલેજોમાં ભણતા છોકરા, છોકરીઓના આપઘાત માટે મોટે ભાગે સખત માનસિક તનાવ જવાબદાર હોય છે. મા-બાપની હદબહારની અપેક્ષાઓ, સખત સ્પર્ધાત્મકતા જેવી બાબતો તેમના પર ખૂબ દબાણ લાવે છે. આ ઉપરાંત ઘરની નબળી આર્થિક સ્થિતિ, હોસ્ટેલમાં પ્રતિકૂળ સંજોગો, સિનિયર વિદ્યાર્થીઓ તરફથી રેગિંગ જેવા કૃત્યો દ્વારા કરાતી સતામણી જેવા સંજોગો પણ તેમને પોતાનું જીવન ટૂંકાવવા તરફ દોરી જાય છે.

સુપ્રીમ કોર્ટે જે ગાઇડલાઇન બહાર પાડી છે તેમાં વિદ્યાર્થીઓને આપઘાતથી બચાવવા માટે શિક્ષણ સંસ્થાઓ અને વાલીઓ શું કરી શકે અને તેમણે શું કરવું જોઇએ અને તેમનું વર્તન કેવું હોવું જોઇએ તે બાબતોનો ખયાલ રાખવામાં આવ્યો છે. જે શિક્ષણ સંસ્થાઓ માટે ગાઇડ લાઇન જારી કરવામાં આવી છે તેમાં શાળાઓ, કોલેજો, કોચિંગ સેન્ટરો, યુનિવર્સિટીઓ, તાલીમ એકેડેમી અને છાત્રાલયોનો સમાવેશ થાય છે. કોર્ટે નોંધ્યું છે કે શૈક્ષણિક તણાવ, પરીક્ષાના દબાણ અને સંસ્થાકીય સહાયના અભાવે ઘણા વિદ્યાર્થીઓ આત્મહત્યા કરીને મૃત્યુ પામે છે. માર્ગદર્શિકામાં ફરજિયાત માનસિક સ્વાસ્થ્ય પરામર્શ, કાર્યાત્મક ફરિયાદ નિવારણ પ્રણાલીઓ અને તમામ શૈક્ષણિક સેટિંગ્સમાં નિયમનકારી દેખરેખ જેવા પગલાં લેવાનું કહેવામાં આવ્યું છે. સમર્પિત માર્ગદર્શકો અથવા સલાહકારો વિદ્યાર્થીઓના નાના જૂથો માટે ફાળવવામાં આવશે, ખાસ કરીને પરીક્ષા સમયગાળા અને શૈક્ષણિક સત્રો બદલાવા દરમિયાન, સતત, અનૌપચારિક અને ગુપ્ત સહાય પૂરી પાડવા માટે આ ફાળવણી કરવી એમ તેમાં કહેવામાં આવ્યું છે. આ ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓનું યોગ્ય કાઉન્સેલિંગ થાય તો આપઘાતના ઘણા બનાવો અટકાવી શકાય છે. આ નિર્દેશમાં શૈક્ષણિક સંસ્થાઓમાં તમામ શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓને વર્ષમાં ઓછામાં ઓછા બે વાર ફરજિયાત માનસિક સ્વાસ્થ્ય તાલીમ આપવી ફરજિયાત છે. પ્રમાણિત માનસિક સ્વાસ્થ્ય વ્યાવસાયિકો દ્વારા સંચાલિત આ તાલીમ, મનોવૈજ્ઞાનિક પ્રાથમિક સારવાર, તકલીફના ચેતવણી ચિહ્નોને ઓળખવા સ્વ-નુકસાનનો પ્રતિભાવ આપવા અને યોગ્ય રેફરલ પ્રક્રિયાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. વધુમાં, સંસ્થાઓએ ખાતરી કરવી જોઈએ કે સ્ટાફ સંવેદનશીલ અને સમાવિષ્ટ રીતે સંવેદનશીલ અને હાંસિયામાં ધકેલાઇ ગયેલા સમુદાયોના વિદ્યાર્થીઓ સાથે જોડાઈ શકે, ભેદભાવ વિનાના અભિગમને જાળવી રાખે. વધુમાં, સંસ્થાઓએ જાતીય સતામણી, રેગિંગ અને અન્ય ફરિયાદોને લગતી ફરિયાદોને સંભાળવા અને અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને માનસિક-સામાજિક સહાય પૂરી પાડવા માટે આંતરિક સમિતિઓ અથવા સત્તાધિકારીઓની સ્થાપના કરવી જરૂરી છે. માતાપિતા માટે સંવેદના કાર્યક્રમોનું આયોજન કરવા પણ ગાઇડ લાઇનમાં કહેવાયું છે. આ ખૂબ જરૂરી છે. મા-બાપ પોતાના સંતાનો માટે હદબહારની અને અવાસ્તવિક અપેક્ષાઓ નહીં રાખે તે ખૂબ જરૂરી છે અને આ બાબતે મા-બાપ, વાલીઓને જાગૃત કરવા જરૂરી છે. પોતાના ડીપ્રેશનમાં ધકેલાઇ ગયેલા સંતાનો, પાલ્યોને કેવી રીતે હાથ ધરવા તે પણ તેમને શીખવવું જરૂરી છે. માનસિક સ્વાસ્થ્ય સાક્ષરતા, ભાવનાત્મક નિયમન અને જીવન કૌશલ્યનું વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં એકીકરણ અને કોર્ટે સંસ્થાઓને વિદ્યાર્થીઓના અનામી સુખાકારી રેકોર્ડ જાળવવાનો નિર્દેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતના આ નિર્દેશો નેશનલ ક્રાઇમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB) ના ડેટા પર આધારિત છે, જેમાં અહેવાલ આપવામાં આવ્યો છે કે 2022 માં દેશભરમાં કુલ 1,70,924 આત્મહત્યાઓમાંથી 13,044 વિદ્યાર્થીઓ આત્મહત્યા દ્વારા મૃત્યુ પામ્યા હતા. ૨૦૦૧માં, વિદ્યાર્થીઓની આત્મહત્યાની સંખ્યા ૫,૪૨૫ હતી. અહેવાલ દર્શાવે છે કે દર ૧૦૦ આત્મહત્યામાંથી ૮ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. NCRB એ એમ પણ અહેવાલ આપ્યો હતો કે પરીક્ષામાં નાપાસ થવાને કારણે ૨,૨૪૮ વિદ્યાર્થીઓ આત્મહત્યા દ્વારા મૃત્યુ પામ્યા હતા. જસ્ટિસો વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બનેલી બેન્ચે કહ્યું કે વિદ્યાર્થીઓને માનસિક તકલીફ, શૈક્ષણિક દબાણ અને સહાયના અભાવથી બચાવવા માટે સંસ્થાકીય સુરક્ષા પગલાં અમલમાં મૂકવા જોઈએ. કોર્ટે આ નિર્દેશો જારી કરવા માટે બંધારણની કલમ ૩૨ હેઠળ તેની સત્તાઓનો ઉપયોગ કર્યો અને જણાવ્યું કે સંસદ અથવા રાજ્ય વિધાનસભાઓ દ્વારા યોગ્ય કાયદો ઘડવામાં ન આવે ત્યાં સુધી આ આદેશ કલમ ૧૪૧ હેઠળ કાયદા તરીકે અમલમાં રહેશે. આશા રાખીએ કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો પણ આ બાબતને ગંભીરતાથી લઇને વહેલી તકે તે દિશામાં સક્રિય થાય અને જરૂરી કાયદાઓ ઘડે.

## શિસ્તની શરૂઆત

સવારે આઠ વાગ્યા હતા અને બીજલ ઉઠીને બુમાબુમ કરી રહી હતી, ‘મમ્મી તે મને ઉઠાડી કેમ નહીં, મારું વાંચવાનું બાકી છે આજે ક્લાસમાં ટેસ્ટ છે.’ સામે મમ્મી ગુસ્સે થઈને બોલી, ‘તને બે કલાકથી ઉઠાડું છું. સવારે છ વાગ્યાથી અને મને સવારે હજારો કામ હોય કેટલીવાર ઉઠાડવા આવું? દસ વાર તો આવી હતી, તું જ પાંચ મિનીટ, પાંચ મિનીટ કહીને કલાકો સુધી ઉઠતી નથી અને વળી ગુસ્સે થાય છે.’ બીજલની અને મમ્મીની બુમાબુમ ચાલુ જ હતી. બહાર હીંચકે બેસી છાપું વાંચતા દાદા અંદર આવ્યા અને બોલ્યા, ‘આ બુમાબુમ બંધ કરો. બીજલ તારો સમય ગુસ્સામાં બુમાબુમ કરવામાં બગાડવા કરતા તૈયાર થા અને ટેસ્ટની તૈયારી કર અને વહુ તમે શાંત થઈ જાવ.’ મમ્મી રસોડામાં જતી રહી. બીજલનો બબડાટ ચાલુ હતો, ‘દસ વાગે ટેસ્ટ છે, આઠ વાગી ગયા હવે શું તૈયારી કરું સમય જ ક્યાં છે? વહેલું ઉઠવું જરૂરી હતું.’ આ સાંભળી દાદા બોલ્યા, ‘બીજલ સમય બગાડ નહીં જે સમય છે તેનો ઉપયોગ કર અને તારે વહેલા ઉઠવું જરૂરી હતું પણ તું ન ઉઠી શકી, વાંધો નહીં હવે જે સમય છે તેનો ઉપયોગ કર અને સાંજે મને મળજે મારી પાસે વહેલા ઉઠવાના નાના પણ મહત્ત્વના કીમિયા છે તે તને કહીશ.’ બીજલ તૈયાર થઇ ટેસ્ટ આપવા ગઈ અને સાંજે ઘરમાં આવતા જ દોડીને દાદા પાસે ગઈ અને બોલી, ‘દાદા, મને વહેલા ઉઠવાના કીમિયા કહો મારે રોજ વહેલા ઉઠવું જ પડશે અને કાલે તો ગણિતની ટેસ્ટ છે એટલે બહુ જ જરૂરી છે પાંચ વાગે ઉઠવું.’ દાદા બોલ્યા, ‘જો વહેલા ઉઠવું હોય તો વહેલા સુવું પડે! આ સામાન્ય નિયમ તો તને ખબર જ હશે બરાબર? ખાસ નિયમ છે આગોતરી તૈયારી. બીજલ બોલી, ‘હા દાદા, પણ વાંચવાનું એટલું બધું છે કે વહેલા આઠ વાગ્યામાં સુઈ ન શકાય!’ દાદા બોલ્યા, ‘વાંધો નહીં, પણ રાત્રે બહુ ઉજાગરા કરવા નહીં એક લિમીટ નક્કી કરવી જોઈએ. બીજું રાત્રે એલાર્મ ફોનમાં નહીં ક્લોકમાં મૂકી તેને બંધ કરી શકાય એટલું નજીક નહીં પણ પલંગથી દૂર મુકવું અને મોબાઈલ ફોન તો રૂમની બહાર જ મૂકી દેવો. હવે ખાસ વાત રાત્રે આ બધું કરી સુતા પહેલા જ તારે સવારે કેટલા વાગે ઉઠવું છે તે મન અને મગજને ત્રણ વાર બોલીને કહેવું અને ડાયરીમાં સવારે ઉઠીને શું શું કરવાનું છે તે લખી લેવું અને તૈયારી કરી લેવી. જો કાલે પરીક્ષા છે તારે પાંચ વાગે ઉઠવું છે તો પાંચ વાગે ઉઠીને શું કરવાનું છે? શું વાંચવાનું છે? તે બધું નક્કી કરી લખી લેવું અને સ્ટડી ટેબલ પર બુક્સ તે પ્રમાણે ગોઠવી દેવી. પરીક્ષાની તૈયારી હોય, ઘરનું કામ કે ઓફિસનો પ્રોજેક્ટ રીપોર્ટ આ કીમિયા વહેલા ઉઠવા માટે બધાને કામ લાગે છે કારણ કે, સવારે વહેલા ઉઠવું શિસ્ત છે તો તે શિસ્તની શરૂઆત આગલે દિવસે સાંજથી થવી જોઈએ.’ દાદાએ સોનેરી સલાહ આપી.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

# “આધારકાર્ડ” પોતે જ નિરાધાર? આધાર વગરની ઓળખાણ શું કામની?

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **જ્યારે વન નેશન વન કાર્ડનો નારો લગાવાય છે ત્યારે આપણે સરકારને પૂછવું છે કે જો એક જ કાર્ડ બધે ચાલવાનું હતું તો આધાર આઈડી, આ ખેડૂત કાર્ડ, મા કાર્ડ, આયુષ્યમાન કાર્ડ કે એવા બીજા કાર્ડ વધતા કેમ જાય છે. એક નાગરિકે કુલ કેટલા કાર્ડ સાથે રાખવાના છે?**

બિહારમાં વોટર વેરીફીકેશન ચાલી રહ્યું છે, ચૂંટણી પંચે નાગરિકતા ચકાસવા માટે જે પુરાવા માન્ય રાખ્યા છે તેમાં આધારકાર્ડ નથી. સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે પૂછ્યું તેના જવાબમાં ચૂંટણી પંચે સત્તાવાર જવાબ આપ્યો છે કે “આધાર કાર્ડ એ નાગરિકતાનો પુરાવો નથી!” એ માત્ર ઓળખાણનો પુરાવો છે. અરે કોઈ ચૂંટણી પંચને પૂછો કે ભાઈ જે ઓળખાણ નાગરિકતા પુરવા ન કરે તે ઓળખાણ શું કરવાની?

આમ તો ચૂંટણીપંચ એટલે સરકાર. ભલે તે સ્વાયત્ત સંસ્થા હોય પણ અંતે તો કેન્દ્ર સરકારને આધીન જ ને! અને સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા મુજબ તેને ચાલવાનું હોય છે. હવે પ્રશ્ન સરકારનો છે કે તેને વન નેશન વન કાર્ડ દ્વારા આધાર કાર્ડ જાહેર કર્યું તો તે માત્ર ઓળખાણનો પુરાવો જ ગણ્યો? વળી ઓળખાણનો આધાર શું? આપણી ઓળખાણ વિવિધ સંદર્ભથી હોય છે જેમાં જાતિ, ધર્મ, પરિવાર જોડાયેલા હોય છે. મતલબ કે તમે સ્ત્રી છો કે પુરુષ?, ગુજરાતી છો કે મરાઠી? કોના સંતાન છો? આ બધું જ તમારી ઓળખ સાથે જોડાયેલું છે. જેમાં એક છે તમે ભારતીય છો કે બ્રિટીશ કે પાકિસ્તાની? જો આધાર કાર્ડ તમારી ઓળખાણનો પુરાવો છે તો તે તમે ક્યાં દેશના છો તે પણ ઓળખ આપી જ શકવો જોઈએ ને? શું ઓળખાણના દરેક મુદ્દા માટે જુદા પુરાવા જોઈએ? જાતિ નક્કી કરવા જુદો આધાર, જ્ઞાતિ નક્કી કરવા જુદો આધાર, ધર્મ માટે જુદો જ પુરાવો, નાગરિકતા માટે જુદો, આર્થિક સ્થિતિ માટે તો જુદો પુરાવો માંગવામાં આવે જ છે.

વન નેશન વન કાર્ડના સૂત્ર સાથે દેશ ભરમાં વ્યાપક બનાવાયેલું આધાર કાર્ડ લગભગ નિરાધાર થતું જાય છે, જો કોઈ નાગરિક કે લેખકે આ વાત લખી હોત તો તેને અનેક આક્ષેપોનો સામનો કરવો પડત પણ જ્યારે ચૂંટણી પંચે પોતે જ આ વાત કોર્ટમાં કહી છે ત્યારે હવે વારો છે નાગરિકોનો કે તે આ સત્ય સમજે સરકાર જ્યારે વન નેશન વન કાર્ડનો નારો લગાવાઈ છે ત્યારે આપણે સરકારને નમ્રપણે પૂછવું છે કે જો આ એક જ કાર્ડ બધે ચાલવાનું હતું તો આધાર આઈડી, આ ખેડૂત કાર્ડ, આ મા કાર્ડ, આ આયુષ્યમાન કાર્ડ કે એવા બીજા કાર્ડ વધતા કેમ જાય છે. અંતે એક નાગરિકે કુલ કેટલા કાર્ડ સાથે રાખવાના છે? તમે માત્ર આધાર કાર્ડને આધારે શિક્ષણ આરોગ્ય ખેતીના ક્ષેત્રમાં સુવિધાઓ આપી નથી શકતા?

આટલા બધા કાર્ડ, આ બધાનું વેરીફીકેશન અને દર વર્ષે તેનું કે.વાય.સી અને થોડા સમય પછી નકલીની ભરમાર! આવું ક્યાં સુધી ચાલ્યા કરશે? મૂળમાં આ બધું સોફ્ટવેર વેચવાનો ધંધો તો નથી ને? કે જાત જાતના કાર્ડ દાખલ કરો, કરોડો લોકો આ કાર્ડ કઢાવે તેવા ફરજ પાડતા નિયમો બનાવો, કાર્ડ બનાવવા તેની માહિતી એકત્ર કરવા આધાર લીંક કરવાના સોફ્ટવેર બનાવો અને સરકારને આ સોફ્ટવેર વેચો. કાર્ડ બનાવવાના કોન્ટ્રાક્ટ આપો તેની સ્વાયત્ત એટલે કે બીજા શબ્દોમાં ખાનગી એજન્સીઓ બનાવો, પોતાના માણસોને બિઝનેસ આપો. લાગે છે અધિકારીઓએ સ્માર્ટ ધંધો શરૂ કર્યો છે અને આ ધીનીકટના રવાડે ચડેલા નેતાઓ કશું જ સમજ્યા વગર આ યોજનાઓ સ્વીકારે જાય છે.

ભારતમાં જ્યારથી ભાજપ સત્તામાં આવ્યો છે દેશે એક સારો વિપક્ષ ગુમાયો છે. આપણને સારો શાસક મળ્યો કે નહીં તેની ખબર નથી પણ પ્રજાના પ્રશ્નોની નાની નાની વિગતો માટે વિરોધ કરતો, મજબૂત વિરોધ કરતો પક્ષ આપણે ગુમાયો છે. આજે વિપક્ષને પાયાના પ્રશ્નો થતા જ નથી, બાકી તો ચૂંટણી પંચે જેવું સુપ્રિમમાં કહ્યું કે આધાર નાગરિકતાનો પુરાવો નથી કે બીજાએ જ દિવસે વિપક્ષી નેતાઓ એ નારો આપ્યો હોટ કે “મિત્રો, જુવો આધાર પોતે જ નિરાધાર થઇ ગયું” એક કાર્ડથી દેશને જોડવાની વાત હતી તે કાર્ડ જ દેશ સાથે જોડાયેલું નથી, મતલબ કે નાગરિકતા પુરવાર કરતું નથી.

દેશમાં મીડિયા અને વિપક્ષ બન્ને નબળા હોય, નબળા પાડી દેવાયા હોય ત્યારે પ્રજાએ ખાસતો પ્રજાના ઉચ્ચ મધ્યમ વર્ગ, લેખકો વિચારકો આગેવાન સંસ્થાઓ એ જવાબદાર બનવું પડે, સરકારને પ્રશ્નો કરવા પડે બાકી લોકશાહી એ બોક્ષ ઉપર લાગેલું સ્ટીકર બનીને રહી જાય જ્યાં બોક્ષમાં માલ કંઈક જુદો જ હોય!

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# શ્રમ-કાયદામાં વટહુકમ થકી ફેરફારની ઉતાવળ કેમ?

**કહેવાની વાત**

**નેહા શાહ**

> **રાજ્યમાં એવી તો કઈ પરિસ્થિતિ ઉભી થઈ કે વટહુકમના માર્ગે રાતોરાત શ્રમ સંબંધી કાયદામાં ફેરફાર કરવાની જરૂર પડી? વિધાનસભાનાં સત્રની રાહ ના જોવાઈ? મજૂર સંગઠનો સાથે કોઈ ચર્ચા પણ કરવામાં ન આવી**

અર્થશાસ્ત્રના પાયાના અભ્યાસમાં ઉત્પાદનનાં સાધનને ચાર ભાગમાં વહેંચવામાં આવે છે. જમીન (એ સાથે જોડાયેલા બધા પ્રાકૃતિક સંસાધનો) મૂડી, શ્રમ અને ઉદ્યોગ સાહસિકતા. આ સાથે એક શ્રમજીવી, માણસમાંથી ઉત્પાદનનાં સાધનમાં ફેરવાઈ જાય છે. શ્રમ માટેની શરતો નફાનાં સંદર્ભે જ નક્કી થાય અને માનવીય ધોરણો નેપથ્યમાં જતા રહેતા હોય છે. એક માણસ શ્રમનું કામ કેટલા કલાક કરી શકે? માનવીય ધોરણે કેટલા કલાક હોવું જોઈએ? આ કામ સતત ચાલતા મશીનનાં ઘોંઘાટમાં કરવાનું હોય, સામે ચાલતી કેમિકલ પ્રોસેસની વાસ સતત શ્વાસમાં લઈને કરવાનું હોય કે પછી ઉડતી રજકણોની વચ્ચે કરવાનું હોય કામનાં સ્થળની એવી સ્થિતિને ધ્યાનમાં રાખીને કામના કલાકોનું માપ નક્કી કરજો.

પ્રથમ વિશ્વ યુદ્ધ બાદ 1919માં વર્સેલ્સ સંધિ પછી વિશ્વ શાંતિ માટે વિશ્વ શ્રમ સંસ્થા (આઈ.એલ.ઓ.)ની સ્થાપના થઈ. સ્થાપકો માને છે કે સ્થાયી શાંતિ માટે સામાજિક ન્યાય આવશ્યક છે અને તે માટે શ્રમિકોની પરિસ્થિતિમાં સુધારો જરૂરી છે. ઔદ્યોગિક ક્રાંતિના સમયમાં મજૂરોના શોષણ સામે યુરોપમાં આંદોલનો થઈ રહ્યા હતા. કામના કલાકો નક્કી કરવા તથા શ્રમિકોને આરામ અને જીવનનો આનંદ મળવો જોઈએ એવી માંગ ઉઠી. ‘આઠ કલાક શ્રમ, આઠ કલાક આરામ અને આઠ કલાક સામાજિક જીવન’ આ ‘વર્ક-લાઈફ બેલેન્સ’ના સિદ્ધાંત પર આધારિત માગને આધારે આઈ.એલ.ઓ.ના પ્રથમ સંમેલનમાં કામના કલાકોને આઠ સુધી મર્યાદિત કરવાનો કરાર થયો. ભારત પણ આમાં ભાગીદાર હતું. આઝાદી પછી 1948માં બનેલા ફેક્ટરી એક્ટમાં આ સમજુતી આધારે નિયમ બન્યા.

આ જ ફેક્ટરી એક્ટની મુખ્ય જોગવાઈઓમાં સુધારો કરીને ગુજરાત સરકારનાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગે પહેલી જુલાઈનાં રોજ એક વટહુકમ બહાર પાડ્યો છે, જેમાં ફેક્ટરી કામદારોના દૈનિક કામના કલાકો 9 થી વધારીને 12 કરવાની મંજૂરી આપવામાં આવી છે. એટલે જ્યારે જરૂર હોય ત્યારે ફેક્ટરીનો માલિક શ્રમિકને બાર કલાક સુધી રોકી શકે. જો કે સપ્તાહના કામના મહત્તમ કલાકની મર્યાદા 48 કલાકમાં ફેરફાર કરવામાં નથી આવ્યો. વધુમાં, વટહુકમમાં ઓવરટાઈમનાં કલાકો પરની ત્રિમાસિક મર્યાદા હાલના 75 થી વધારીને 125 કરવામાં આવી છે! અલબત્ત, ઓવર ટાઈમનાં બમણા પૈસા આપવાની જોગવાઈ કરી છે અને કામદારની લેખિત મંજૂરી પણ જરૂરી છે. પહેલા સતત પાંચ કલાક પછી રીસેસ મળી શકતી હતી હવે છ કલાક પછી મળશે. આ વટહુકમમાં સલામતીની વ્યવસ્થા અંગે કેટલીક શરતો હેઠળ મહિલાઓને રાતની પાળીમાં નોકરી કરવાની પણ મંજૂરી અપાઈ છે.

કાયદામાં કરાયેલા આ સુધારાએ સંલગ્ન સૌ કોઈને ચિંતા સાથે આશ્ચર્યમાં મૂકી દીધા છે. મજૂર સંગઠનોએ વિરોધ કર્યો છે. એમની ચિંતાને કારણ છે. શ્રમિકો વિરામ વિના લાંબો સમય કામ કરશે તો એ ચોક્કસ ઉત્પાદન વધારશે. જ્યારે બજારમાં માંગ વધે તો એને પહોંચી વળવા પુરવઠો વધારવાનું સરળ બનશે, જે કંપનીનો નફો વધારશે અને રાજ્યમાં આર્થિક વૃદ્ધિ પણ થશે. લવચીકતા પણ વધશે - ચાર દિવસ બાર કલાક કામ કરી ત્રણ દિવસની છુટ્ટી!સાંભળવામાં આ જોગવાઈ સારી લાગે પણ જે કામની વાત છે એ ટેબલ-ખુરશી પર બેસીને કરવાનું નથી એટલે શ્રમિકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડનાર અસર અંગે પ્રશ્નો થાય. વટહુકમમાં શ્રમિકની સહમતીની વાત છે પણ શું શ્રમિક સ્વેચ્છાએ લેખિત મંજૂરી આપે એવી પરિસ્થિતિ હોય છે ખરી? જરૂરત મંદ કામદાર માટે નોકરી ગુમાવવાનો ડર લેખિત મંજૂરી આપવા માટે પુરતો હોય છે એવું કોઈની પણ સામાન્ય બુદ્ધિ કહે છે. હવે જ્યારે કાયદા એ મહોર મારી છે ત્યારે માલિક કોઈને બાર કલાક કામ કરવા દબાણ કરશે તો એ કાયદાના દાયરામાં જ ગણાશે! એટલે ૧૯૧૯માં જે સિધ્ધાંતને શ્રમ કાયદાનો પાયો બનાવાયો હતો એ સિધ્ધાંત જ બદલવામાં આવી રહ્યો છે.

મહિલાઓને રાત પાળીમાં કામ કરવાની મંજૂરી મળવાથી પ્રથમ દૃષ્ટીએ જાતીય સમાનતા તરફનું પગલું લાગે કારણકે મહિલાઓને મળતી તકોમાં વધારો થશે પણ, જે સલામતીના પગલાની જોગવાઈઓ વટહુકમમાં છે તેનું પાલન થયું કે નહિ એનું ઓડીટ કોણ કરશે? મહિલા સુરક્ષા માટે આમ પણ સરકારે લીધેલા પગલાં ઓછા પડે છે, પોલીસ કાચી પડે છે, નિર્ભયા ફંડ વણ વપરાયેલું રહે છે ત્યારે કાગળ પર બતાવાયેલી સુરક્ષાની જોગવાઈઓના અસરકારક અમલ અંગે ચિંતા થવી સ્વાભાવિક છે.

અત્યારે રાજ્ય વિધાનસભાનું સત્ર ચાલી રહ્યું નથી એટલે વટહુકમ બહાર પાડી ફેક્ટરી એક્ટનાં આ સુધારાનો તાત્કાલિક અમલ કરાયો છે. સરકારના કહેવા પ્રમાણે આ સુધારા દ્વારા આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, નવા પ્રોજેક્ટ્સમાં રાષ્ટ્રીય મહત્વમાં રોકાણને આકર્ષવા અને રોજગારીનું સર્જન કરવા માટે ફેક્ટરીઓને છૂટછાટ આપવાનો પ્રયાસ છે. પણ રાજ્યમાં એવી તો કઈ પરિસ્થિતિ ઉભી થઇ કે વટહુકમના માર્ગે રાતોરાત શ્રમ સંબંધી કાયદામાં ફેરફાર કરવાની જરૂર પડી? વિધાનસભાનાં સત્રની રાહ ના જોવાઈ? મજૂર સંગઠનો સાથે કોઈ પરામર્શ કે ચર્ચા પણ કરવામાં નથી આવી, એટલે જેમના કામની શરતોમાં બદલાવ આવ્યો છે એ વર્ગ જ વટહુકમ આવતા સુધી આખી પ્રક્રિયાથી અજાણ હતો! આવી ગુપ્ત રીતે કરેલી ઉતાવળ શા માટે કરી હશે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શિક્ષક સમાજ માટે વિશિષ્ટ ગૌરવ ભર્યું સ્થાન ધરાવે છે.

આદિકાળથી આજપર્યંત શિક્ષણ અને વિદ્યા એક અતિ મહત્વની બાબત છે. સમાજને ઉચ્ચતર સ્થાને પહોંચાડવા માટેનું એક સાધન છે અને તેમાં શિક્ષકો કે એવા શિક્ષણનાં ક્ષેત્રમાં જે કોઈ ભાગ લે છે તેમાં શિક્ષકનું સ્થાન ઉચ્ચ કક્ષા એ છે. શિક્ષક ન માત્ર વિદ્યાર્થીઓને શિક્ષા પ્રદાન કરે છે પરંતુ તેની સાથે સાથે પોતાનાં અને કુટુંબનાં બાળકોને પણ તે રીતે વિદ્યા પ્રાપ્તિની સહાય કરે છે અને તે રીતે દોરે પણ છે. તેવું અન્ય વ્યવસાયમાં થતું નથી. કૃષિ કે વ્યાપાર અથવા ધંધામાં પોતાના બાળકો ભલે જે તે વ્યવસાયમાં આપોઆપ તાલીમ તથા માબાપનાં અનુભવ વડે પારંગત થાય છે પરંતુ વિદ્યા, ડહાપણ તેમજ ઉચ્ચ દરજ્જાનાં જીવન ઘડતર તથા વિશાળ દૃષ્ટિ કેળવવા માટે શિક્ષણ જ એક અનોખું અને અગત્યનું પરિબળ નીવડે છે. છેલ્લા સો વર્ષમાં શિક્ષણે ભારે ચમત્કારીક પ્રગતિ દાખવી છે અને તેમાં ખાસ કરીને પ્રાથમિક કક્ષાનાં શિક્ષણ અને તેના શિક્ષકોનું યોગદાન અતિ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. આજે ગ્રામીણ અથવા મહાનગરો સિવાયનાં વિસ્તારોમાં ઈજનેરી, દાક્તરી, વકીલાત તથા અન્ય ઉચ્ચ કક્ષાના વ્યવસાય માટેનાં શિક્ષણ અંગે ભારે વિકાસ થઈ શક્યો છે તે આ પ્રાથમિક શિક્ષણનાં મજબૂત યોગદાન પર આધારિત છે.

**નાની વાંગરવાડી , મુંબઈ -શિવદત પટેલ**

## સંતાન કે કંતાન?

મંગળવાર તારીખ ઓગણત્રીસ જુલાઈનાં ગુજરાતમિત્રના અંકમાં એક હૃદયદ્રાવક કિસ્સો પ્રસિદ્ધ થયો છે. વિગતો મુજબ પોતાના પુત્રોએ ઘરમાંથી હાંકી કાઢતા એક સિત્તેર વર્ષની ઉંમરના વૃદ્ધા કોર્ટના શરણે ગયા છે અને એમણે એમના(?) પુત્રો પાસેથી માસિક પચાસ-પચાસ હજાર રૂપિયા ભરણ પોષણ માટે માંગ્યા છે. આવાં તો અન્ય પણ અનેક કિસ્સાઓ હશે કે જેમાં જેમને પાળી પોષીને મોટા કર્યા હોય એમને પાછલી ઉંમરમાં એમના સં(કં)તાનો દ્વારા હડધૂત કરવામાં આવ્યા હોય. એમને છેતરવામાં આવ્યા હોય અને લાચારીની સ્થિતિમાં મૂકવામાં આવ્યા હોય. આ અને આવાં કિસ્સાઓમાં કોર્ટ દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં આવતો હોય છે અને યોગ્ય ન્યાય કરવામાં આવતો હોય છે. પરંતુ મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે આ ઉંમરમાં એમને જે પ્રેમ, કાળજી અને હૂંફની જરૂર છે એ ક્યાંથી મળશે? સંતાનોની હૂંફનું શું? આવાં લોકોને સંતાન કહેવા કે કંતાન?

**નવસારી- ડૉ.ઈન્તેખાબ અનસારી**

## રખડતા ઢોરોની સમસ્યા

આજકાલ ગુજરાતના બધા જ કસ્બાઓ અને નગરો-મહાનગરોમા રખડતા ઢોરોનો ત્રાસ વધી ગયો છે. રખડતા ઢોરો કેમ થયા તેનું કારણ તપાસવા જેવું છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે, ખેતી અને પશુપાલન એ એક બીજા સાથે જોડાયેલા છે. અગાઉના સમયમાં ખેતી-પશુપાલન એ ધંધો-વેપાર ન હતો પરંતુ એ પ્રકૃતિની જીવન જીવવા માટેની અર્થવ્યવસ્થા હતી. ખેતી માટે યાંત્રિક સાધનો ન હતા ત્યારે ગાય વંશ-વેલો અને દૂધ માટે ઉછેર થતો, બળદનો ઉપયોગ ખેતીકામ માટે અને અને મુસાફરી માટે કરાતો. હવે યાંત્રિક યુગમાં ખેતી માટે બળદની કોઈ જરૂર નથી માટે તે હવે બિનઉત્પાદક છે, હવે ગાયનાં વાછરડા ને ખસી ન કરવાથી ખૂંટિયા (સાંઢ) રૂપે રખડતા થયા છે. પહેલા ગાય દૂધ ન આપે પછી પણ છેલ્લે સુધી પાળતા, બજારવાદનાં યુગમાં કોઈ પણ બિનઉત્પાદકને સ્થાન નથી. જેથી દૂધ ન આપતી ગાયો અને ખૂંટિયા રખડતા થયા છે. શહેરીકરણને લીધે જે પશુપાલકો પાસે ખેતી નથી તો પણ શહેરમાં ગાય ભેંસો પાળે છે, કસ્બાઓ અને શહેરોમાં પશુપાલન માટે કોઈ કાયદા-નિયમો બનાવ્યા નથી જેથી કોની જવાબદારી એ નક્કી નથી. ખાસ તો કસ્બાઓની પંચાયતો પાસે અંકુશ માટે કોઈ માળખુ નથી. એટલે એમના માટે આનો ઉકેલ એક ચેલેન્જ છે.

**કીમ - પી.સી.પટેલ**

## કાવડીયાઓને બોધપાઠ

સનાતનમાં આસ્થા સાથે ઉત્તરભારતમાં કાવડયાત્રા વર્ષોથી યોજાય છે. આ કાવડયાત્રા વર્તમાનમાં ચાલી રહી છે. હમણાંથી કાવડયાત્રામાં અનેક વિવાદો ચાલી રહ્યા છે. કાવડીયાઓ પાછલાં દિવસોથી ભારી ઘમાસાણ મચાવી રહ્યાં છે. તેમાં આમ જનતા પીડિત થઈ છેં. કાવડીયા નજીવા કારણોસર મહિલાઓ બાળકો, વાહનો, દુકાનોમાં તોડ-ફોડ મચાવી રહ્યા છે, તે યોગ્ય ખરૂ? જ્યારે સનાતન પ્રેમ કરૂણા અને સહનશીલતા શીખવે છે. કાવડયાત્રાનો સંત શ્રી એકનાથજીનો પ્રસંગ અચૂક સાંભરે છે તેઓ પણ કાવડમાં ગંગાજળ લઈ રહ્યાં હતાં રસ્તામાં એક ગધેડાને તરસે મરતાં જોતાં જ તેઓએ કાવડનું ગંગાજળ તેને પીવડાવી દઈ તેના પ્રાણની રક્ષા કરી હતી કહે છે તે સમયે તેઓની પણ ઘણી ટીકા થઈ પણ તેમને જે યોગ્ય લાગ્યુ તે કર્યું આ પ્રસંગ કાવડયાત્રા કરનારાને ઘણું શીખવી જાય છે. વર્તમાન ઘમાસણ કાવડયાત્રા કરનારા કાવડીયા કશો બોધપાઠ લેશે ખરાં?

**નવસારી - ગુણવંત જોષી**

## દરેકને સતાવતી ચિંતા - વ્યસન

શાળા, હાઈસ્કૂલ કે કોલેજમાં ભણતો વિદ્યાર્થી ક્યારે વ્યસની બની જાય છે તે ખબર જ પડતી નથી. આજકાલના ટીનેજર્સને સ્કૂલની નજીકથી જ પડીકીઓ, પાન-મસાલા ગુટખા અને અન્ય નશાકારક ચીજ વસ્તુઓ સહેલાઈથી ઉપલબ્ધ થતી હોય છે. ફિલ્મો જોઈને પણ વિદ્યાર્થીઓ આ વ્યસનની લતમાં પડી જાય છે. નાની વયે વ્યસનમાં લપેટાયેલ બાળકો પર એની ગંભીર અસરો જોવા મળે છે. વળી વ્યસન જો ન મળે તો તેઓ બેબાકળા બની જાય છે અને સારા નરસાની પરખ કરવામાં પણ તેઓ અસમર્થ બને છે. અંત ગંભીર બિમારીથી આવે છે. દસ ડગલા ચાલો ને ગેરકાયદે ચાલતો પાનનો ગલ્લો મળી જાય એ બતાવે છે કે વ્યસનનું બજાર કેટલુ મોટુ છે. વ્યસન એક એવી વસ્તુ છે કે જે શારીરિક, માનસિક, અને આર્થિક નુકસાન પહોંચાડે છે. બરબાદ કરી નાંખે છે. સરકાર સમાજ અને સૌથી પહેલાં માતાપિતાએ આ બાબતે જાગૃત બનવું પડશે.

**અડાજણ, સુરત- શીલા સુભાષ ભટ્ટ**

## બદલાતી સૂરત

મંઝીલ બહુ લાંબી નથી તેમ અત્યંત ટૂંકી સુધ્ધા નથી. પરિવર્તનનાં યોગ નજરે પડે છે. નબળાં અને સબળા, વિકાસ અને વિનાસ, મેટ્રો ટ્રેન આગમન, વિકાસ તો પાંચ વર્ષનાં આયુષ્યે નદી પરનાં પૂલો કડડભૂસ થઇ જાય. ભ્રષ્ટાચાર ક્યાં જઈ અટકશે? ભાવ વધારો સ્થિર થાય તે વાત જ ભૂલી જાઓ. કેટલાક શહેરોમાં કાર પાર્કિંગ માટે આજે પણ જગ્યા નથી મળતી! અલબત્ત વિજ્ઞાન-ટેકનોલોજી, અવકાશીક્ષેત્રો, કૃષિ પરિવર્તન ક્ષેત્રે મીટ માંડી બેસી શકાય. પરિણામ નજરે ચઢે ત્યારે ખરૂં. શહેરી વિસ્તરણ તેમજ અન્ય રાજ્યો માનવીની અહીં આવી લૂંટફાટ, અત્યાચાર, રહેણીકરણી બધું બદલાઈ જશે. આપણાં અંતરમનને જો પ્રશ્ન પૂછીએ તો સરળતા, સુવિધા, વિકાસ પ્રત્યે અંગુલી નિર્દેષ કરતો માર્ગ ભૂલેલા પથિકને રસ્તો ચિંધવા ઉભો રહું એવી ભાવના આવે. અંતે સુરતનું જમણ ભ્રમણ કરતું થઈ જશે. નવી વાનગી, નવી રીત, નવો સ્વાદ. મોજ શોખ છલાંગ મારશે છે આ તો ધારણાં, કલ્પના કોણે દીઠી કાલની પુરુષ રસોડે અને પત્ની વ્યવસાય નોકરી કરશે! નવાઈ ન પામશો ભવિષ્યે, શરૂઆત તો થઈ ચૂકી જ છે.

**અડાજણ, સુરત. કુમુદભાઈ બક્ષી**